# નવી સંગતની શરૂઆત

જેઓ બાળકોને શિક્ષણ આપવા માંગે છે તેમણે **C7b** અચુક વાંચવું.

**પ્રાર્થના :**પ્યારા પ્રભુ, તારી આજ્ઞાનુસાર નવા શિષ્યો બનાવવા માટે અમારી સંગતને મદદ કરો. તેમજ જ્યાં એક પણ વિશ્વાસી નથી ત્યાં નવા વિશ્વાસીઓનું મોટું ટોળું ઊભુ થાય તેના માટે તમારા પવિત્ર આત્માના સામર્થ્યથી અમારી સંગતને ભરી દે. આમેન.

**૧. પ્રભુના જીવંત વચનો અને પ્રાર્થના સાથે નવી સંગત શરુ કરવા માટેની તૈયારી કરો.**

મંડળી એટલે ઈસુના અનુયાયીઓનું ભેગા મળવું.

નવા વિશ્વાસીઓને પ્રભુના ખરા શિષ્યો બનવા માટે કઈ રીતે શિક્ષણ આપશો. તે તમને **માત્થી ૨૮ :૧૮ થી ૨૦**માં મળશે. (જવાબ : તેઓએ બાપ્તિસ્મા લેવું તેમજ ઈસુએ આપેલ આજ્ઞાઓ ને આધીન થવું, ખાસ કરીને પાયાની સાત આજ્ઞાઓને સાંકળી લઈ ને તેને સમજી શકાય તે રીતે તેઓની આગળ આલેખન કરો. સૌથી પ્રથમ મંડળી ઈસુએ આપેલ આજ્ઞાઓને શરૂઆતથી જ આધીન થયેલ હતી અને આ રીતે તમે જ્યાં જ્યાં અનુસરસો અને શિષ્યો બનાવશો ત્યાં સમુહમાં મળતી સંગતની સંખ્યામાં બમણો વધરો થશે.)

નવા કરારની પ્રથમ મંડળીના વિશ્વાસીઓ કઈ રીતે ઈસુની આજ્ઞાઓ ને આધીન થયા તે તમને **પ્રે.કૃ. ૨:૩૭ થી ૪૭**માં મળશે.

- પિતર નવા વિશ્વાસીને પ્રથમ, ઈસુએ આપેલ કઈ આજ્ઞાને આધીન થવાનું કહે છે. (કલમ ૩૮)



- પશ્ચાતાપ પામેલા પાપીઓ એ વિશ્વાસીઓની ગણતરીમાં આવવા માટે કઈ આજ્ઞાને આધિન થવાનું રહેશે?(કલમ ૪૧)
- ઈસુએ આપેલ આજ્ઞાનુસાર નવા બાપ્તિસ્મા લીધેલ વિશ્વાસીઓએ પોતાની જાતને સમર્પિત કરવા માટે કઈ ચાર બાબતોને ધ્યાનમાં લેવી ? (કલમ ૪૨)
- કઈ પ્રવૃત્તિઓ કલમ ૪૨માં દર્શાવેલ છે ?(પ્રેરિતોનો બોધ, પ્રભુના મરણને યાદ કરતાં રોટલી ભાંગવી, સંગત અને પ્રાર્થના) વિશ્વાસીઓ એ એકબીજાને કઈ રીતે પ્રેમ કરતા હતા તે સ્પષ્ટપણે કહો ?
- પ્રેમાળ સંગત ને યોગ્ય રીતે દોરવા માટે પ્રભુ ઈસુ દ્વારા બીજી કઈ અગત્યની આજ્ઞા આપવામાં આવેલ છે?(કલમ ૪૪-૪૫)

**એફેસી ૪ :૧૧ થી ૧૨**મુજબ ક્યા પ્રકારના પ્રકારના લોકો તમારા જૂથને આપવાનું વચન પ્રભુ આપે છે?

ઉપરોક્ત પાંચ પ્રકારમાંથી કયા બે પ્રકાર સામાન્ય રીતે નવી સંગત શરૂ કરવા આગેવાની આપી શકશે ? (જવાબ મુખ્ય પ્રેરિત - અને સુવાર્તિક)

## નવી સંગત ની શરૂઆત કરવા માટે ની રૂપરેખા

**રૂપરેખા # ૧** સ્થાનિક સંજોગોને ધ્યાનમાં લઈ અનુરુપ પદ્ધતિ અપનાવો હંમેશા એકની એક જ પદ્ધતિને અનુસરસો નહિ. સમુહમાં મળતી સંગતની શરૂઆત મોટાભાગે નીચે દર્શાવેલ ત્રણ રીતમાંથી કોઈપણ એક રીતે થાય. તમારા સંજોગોને ખૂબ જ સારી રીતે અનુકુળ આવે તેવી એક રીત ને પસંદ કરી અનુસરો.

૧. **આયોજન :** નવી મંડળી સ્થાપનાર અથવા તે કાર્ય કરનાર ટીમ તમારી માતૃ મંડળીમાંથી જુદી સંસ્કૃતિ ધરવાતા લોકોમાં અને જુદા વિસ્તારમાં નવી સંગતને ચાલુ કરવા માટે મોકલો - પ્રે.કૃ. ૧૩:૧થી ૩માં જે રીત દર્શાવેલ છે તેને અનુસરો.

૨. **પ્રારંભ કરો/ ઉદ્ભવ કરવો :** માતૃ સંસ્થાના સભ્યોએ તમારી સાથે સંકળાયેલ જ્ઞાતિ કે અન્યધર્મી સમુદાય વચ્ચે સુવાર્તિક કાર્યો કરીને નવા વિશ્વાસી શિષ્યો બનાવવા અને તેને માટે નવી આગેવાની તૈયાર કરવી. કોઈ એ પણ પોતાની માતૃ સંસ્થાનો ત્યાગ કરવાનો નથી. પ્રે.કૃ. ૧૦માં તેનું ઉદાહરણ આપેલ છે.

૩. **સમુહ કે જૂથમાં રહેવું :** કેટલાક વિશ્વાસીઓ માતૃસંસ્થામાંથી નીકળીને નજીકના વિસ્તારમાં બીજી સંગત શરુ કરે છે. આ પ્રકારનું કાર્ય શહેરી વિસ્તારની સંસ્થા કે મંડળી માટે શક્ય છે જ્યાં વાહન વ્યવહારની વ્યવસ્થા થઈ શકે છે. આ બાબત માટે સુવાર્તા માં કોઈપણ ઉદાહરણ નથી.

**રૂપરેખા # ૨** તમારા પરિચય અથવા ઓળખાણો છે ત્યાં કાર્ય કરો. આ કાર્ય કરનાર જ્યાં કામ કરવા જશે ત્યાં તેના મિત્રો કે સંબંધી હશે ત્યાં તેને કામ કરવાન માટે સામાન્ય રીતે ખૂબ જ સહેલું થઈ પડશે અને નવા સમુહની શરૂઆત પણ સહેલાઈથી કરી શકશે.

**રૂપરેખા # ૩** જે લોકો સુવાર્તાનો આવકાર કરતા હોય તેમના પર ધ્યાન કેન્દ્રિત કરો. જો સુવાર્તાનો આવકાર ન કરે તો તમારા પગમાંની ધૂળને ખંખેરી નાખો.'' . અમુક નવા જૂથો નિષ્ફળ રહે છે. કારણ કે જુદી જુદી સંસ્કૃતિ અને વિચારધારા માંથી તેઓ આવતા હોવાથી તેઓમાં ગેરસમજો હોય છે. જુદી જુદી માન્યતા ધરાવતા કે સંસ્કૃતિમાંથી આવતા લોકો મધ્યે ખૂબ મોટું જૂથ શરૂ કરવા કરતા નાના જૂથો શરૂ કરવા. જેમ ગલાતીમાં બન્યું હતું તેમ (જો તમે આ બાબતે સભાન નથી તો ગલાતીઓને પાઉલ પ્રેરિતે લખેલ પત્રનું વાંચન કરો.)

**રૂપરેખા # ૪** વિશ્વાસીઓ દ્વારા દર અઠવાડિયે આરાધના કરવાની જૂથમાં શરૂઆત કરો તેમાં સુવાર્તિક કાર્ય અવિરતપણે ચાલુ રાખો કેટલાક સમુહો આમાં નિષ્ફળતાને વરે છે કારણે કે કાર્યકરો લોકો મળવાનું ચાલુ કરે છે એટલે એમ સમજે છે કે અમારી ફરજ પુરી થઈ ગઈ.

**રૂપરેખા # ૫** નાના જૂથમાં મળો તો પણ આરાધના કરવા માટેનું આયોજન વ્યવસ્થિત રીતે કરો. કેટલાક નવા જૂથોનું અસ્તિત્વ પૂરા થઈ જાય છે. કારણ કે કાર્યકરો અર્થસભર આરાધના કે રસ પડે તે રીતે પ્રભુની આરાધના કરવાનું અયોજન કરતા નથી.

**રૂપરેખા # ૬** કાર્યકરોએ જે ભાગ ભજવવાનો છે તે દરેક કાર્યકરોને સ્પષ્ટપણે સમજાવો. દરેક કાર્યકરોએ શું કરવાનું છે તેના માટે સ્પષ્ટ રીતે સમજણ સાથે તૈયાર કરો. તેઓમાંના દરેક કઈ રીતે વ્યક્તિગત રીતે ખૂબજ સારી રીતે કામગીરી કરી શકશે તેને માટે તૈયાર કરો. કાર્યકરે વ્યક્તિગત રીતે પોતાની પત્ની સાથે તેણી શું કરવા માંગે છે કે શું કરવા નથી માંગતી તેના માટે સંમત થવું જરૂરી છે. કેટલાક જૂથો નિષ્ફળતા પામે છે કારણ કે કાર્યકરો પોતે જે કાર્ય સારી રીતે નથી કરી શકાત તે કાર્ય કરવા માટે ફરજ પાડે છે અથવા તેઓની ઉપર કાર્ય બોજ નાખી દે છે.

### ૨. તમારા સહકાર્યકર સાથે અઠવાડિયા દરમ્યાન વિશ્વાસીઓ દ્વારા કરવાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.

તમારી આસપાસમાં ત્યજાયેલા કે કચડાયેલા લોકો અથવા સમાજ મધ્યે નવા જૂથોની શરૂઆત કરો. નવા કરારમાં જે આજ્ઞાઓ આપવામાં આવેલ છે. તે રીતે જો વિશ્વાસીઓ અનુસરસે તો નવું નાનું ટોળું મોટી મંજળીમાં પરીણમશે. તેમાં ઈસુએ આપેલ આજ્ઞાઓ તેમ જ અન્ય પ્રવૃત્તિઓને જે ઈસુની આજ્ઞાઓને સુસંગત છે તેનું પાલન તેઓ કરે છે.

નીચે આપેલ સૂચિમાંથી તમારા જૂથને માટે ખૂટતી પ્રવૃત્તિઓ ને નિશાની કરી ધ્યાન રાખો. અથવા તમે નવા જૂથની શરૂઆત કરીને તેનો વિકાસ ઈચ્છો છો તો તમારા સહકાર્યકર સાથે નીચેની સૂચીને ધ્યાને લઈને શું કરવું તેનું આયોજન કરો.

( )પસ્તાવો પામેલા પાપીઓને બાપ્તિસ્મા આપીને ઈસુના વિશ્વાસમાં દઢ બનાવવા તેમજ સાક્ષીરૂપ બનવા માટે પ્રેરણા આપો.

( )નવા જૂથોની શરૂઆત કરો અને ત્યજાયેલા કે કચડાયેલા લોકો મધ્યે કાર્યકરો ને મોકલો.

( ) પ્રભુની મેજના ભાગીદાર થવાની સાથે વિશ્વાસીઓ ઈસુની આરાધનામાં પોતાની સહભાગિતા ઉત્સાહપૂર્વક આપે તે માટે મદદરૂપ બનો.

( ) મંડળીમાં પ્રેમાળ સંગતો વિકસાવો અને લગ્નવિષયક સંબંધોને અને કુટુંબોને મજબૂત બનાવો.

( ) વ્યક્તિઓ અને કુટુંબોમાં ઉપસ્થિત થતા પ્રશ્નોમાં મદદરૂપ અને પ્રશ્નોમાં માફી આપવા માટે મનમેળ ઊભો કરવા માટે મદદરૂપ બનો.

( ) ટોળાને પવિત્રતા ને પામવા માટે મદદરૂપ બનો દરરોજ નવેસરથી પવિત્રઆત્મા દ્વારા સર્વાંગી પરિવર્તન પામવા માટે મદદરૂપ બનો.

( ) અન્યોને મળીને તેમની જરૂરિયાતો પ્રત્યે ઉદારતા દાખવો.

( ) પ્રાર્થના, સમાધાન કરાવવું, શેતાન સામે આત્મિક યુદ્ધ ચલાવવું, તેમજ કૌટુંબિક દૈનિક પ્રાર્થના આ તમામ બાબતોમાં મદદરૂપ બનો.

( ) લોકોને નૈતિક તેમજ સાચી રીતે જીવન જીવવા માટે પ્રભુના વચનોનો સહારો લો. અને વરૂ થઈને ઘૂસી ગયેલા લોકો દ્વારા ખોટા સિદ્ધાંતોનું શિક્ષણ આપવામાં આવે છે તેને દૂર કરો.

( ) નવા ટોળામાં શીખાઉ પાળકો, મિશનેરીઓ અને આગેવાનોને તાલિમ આપો.

( ) નવા ટોળાની એવી વ્યવસ્થા કરો અને તેઓ પર દેખરેખ રાખો કે જેથી કરીને દરેક વિશ્વાસી તેઓને મળેલા જુદા જુદા આત્મિક દાનોનો ભરપૂરી પણે તેમની સેવામાં ઉપયોગ કરી શકે.

( ) તમારી આસપાસમાં અન્ય જૂથની સાથે સહકારમાં કાર્ય કરો તેમજ ઉપરોક્ત પ્રવૃત્તિઓ કરવા માટે મદદરૂપ બનો.

**૩. આગામી ભજનસેવા માટે તમારા સહકાર્યકરો સાથે આયોજન કરો.**

નવા કરારની પ્રથમ મંડળી કેવી રીતે શરૂ થઈ તેની વાત પ્રે.કૃ. ૨ :૩૭ થી ૪૭ ને આધાર રાખીને કહો અને તેઓને તે વિશે પ્રશ્નોતરી કરો. અને ઉપરોક્ત બાબતો ને ધ્યાને લઈને પ્રશ્નો પૂછો.

**એફેસીઓને પત્ર ૪:૧૧ અને ૧૨** નું વર્ણન કરો. ત્યારબાદ પ્રભુએ તમારા જૂથને લોકોનો સમૂહ આપ્યો છે કે જેઓ નવા જૂથ ઊભા કરવા માટે આગેવાની આપી શકે તેમ છે. અને તેને માટે પ્રભુને મદદરૂપ થવા માટે પ્રાર્થો.

**માત્થી ૨૦ :૧૮ થી ૨૦**માં ઈસુએ આપેલ આજ્ઞાનું સવિસ્તાર વર્ણન કરો.જેઓ ઈસુના શિષ્યો બનવા આજ્ઞા માગે છે તેમણે **ઈસુની આજ્ઞાઓ**ને આધીન થવું જ જોઈએ. તેમજ ઈસુની પાયાની આજ્ઞાઓ માટે તમારા જૂથને ખાત્રી કરાવો.

નવા જૂથને શરૂ કરવા માટે ઉપરોક્ત જે **૬ રૂપરેખાઓ** વર્ણવેલ છે તેનું સવિસ્તાર વર્ણન કરો.

તમારા જૂથના વિકાસઅર્થે ઉપરોક્ત પ્રવૃત્તિઓમાથી જેની જરૂર છે તેનો ઉપયોગ કરો. તેમજ વર્ણન કરો અને વિશ્વાસીઓને વિકાસઅર્થે આયોજન કરવામાં મદદરૂપ બનો. તેમજ જેમણે એટલે કે કાર્યકરોએ નવા જૂથો શરૂ કર્યા છે તેઓના વિકાસનો તેઓની ઉન્નતિના અહેવાલ ની માંગણી કરો.

ભજનસેવાને લગતી પ્રવૃત્તિમાં બાળકોએ જે તૈયાર કર્યું હોય તેની રજૂઆત કરાવો.

બે અને ત્રણનું નાનું જૂથ બનાવી એકબીજા માટે પ્રાર્થના કરવાની પ્રથા પાડો. નવા કરારને ધ્યાનમાં રાખી તેની આવશ્યકતા મુજબની પ્રવૃત્તિઓ દ્વારા નવા જૂથનો વિકાસ થાય તેવું આયોજન કરો.

કાર્યકરો દ્વારા તેમને સોંપેલ કામગીરી દ્વારા અને તેઓની શરૂઆત દ્વારા તેઓનું જૂથ કે સમુહ એ અંત્યોખના જેવી મંડળી બની રહે તેવી કામગીરી કરો (પ્રે.કૃ. ૧૩ :૧ થી ૩)

**પ્રભુની મેજ**ની ઓળખ આપો. તેમજ પ્રે.કૃ ૨ :૪૨ અને ૪૬નું વાંચન કરો અને નવી મંડળી તેમની શરૂઆતથી જ પ્રભુના મેજની ભાગીદારી કઈ રીતે કરી શકે તનું વર્ણન કરો અને તે બાબત તમે ઘરોમાં મળતા સમુહમાં પણ કરી શકો.

બધા ભેગા મળીને એફેસી ૪:૧૧ અને ૧૨ ને **મુખપાઠ કરો.**

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.